## (1) ભારતમાં માતૃત્વ મૃત્યુદર (MMR) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) ગર્ભાવસ્થા દરમિયાન અથવા ગર્ભાવસ્થાના અંત બાદના એક વર્ષમાં જો મહિલાનું મૃત્યુ થાય તો તેને માતૃત્ત્વ મૃત્યુ કહે છે.
(2) ભારતમાં વર્ષ 2016-18માં MMR 113 થયો છે.
(3) ભારતમાં કેન્દ્ર ભારત તથા ઉત્તર ભારતના મોટાભાગના રાજ્યો કરતાં દક્ષિણ ભારતમાં MMRનું નીચું પ્રમાણ જોવા મળે છે.
(4) ટકાઉ વિકાસ લક્ષ્ય મુજબ, MMRનું પ્રમાણ ઘટાડીને 70 કરવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે.

(A) માત્ર (2) અને (3)
(B) માત્ર (1) અને (4)
(C) માત્ર (3)
(D) માત્ર (2), (3) અને (4)

⇛ **જવાબ :- D**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં સેમ્પલ રજિસ્ટ્રેશન સિસ્ટમ (SRS) દ્વારા ભારતમાં 2016-18ના સમયગાળા માટે માતૃત્ત્વ મૃત્યુ દર (MMR)ની માહિતીઓ જાહેર કરવામાં આવી છે.

⇛ આ માહિતી મુજબ ભારતમાં MMR 2016-18માં 113 થયો છે. જે 2015-17માં 122 હતો. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ ટકાઉ વિકાસ લક્ષ્ય (SDG) 3.1 મુજબ, MMR ઘટાડીને 70 કરવાનું લક્ષ્ય રાખવામાં આવેલું છે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ MMRની ગણતરી એક લાખ જીવંત જન્મ (Live birth) દીઠ કરવામાં આવે છે.

⇛ વધુ MMR ધરાવતા રાજ્યો
- આસામ (215)
- ઉત્તરપ્રદેશ (197)
- મધ્યપ્રદેશ (173)
- છત્તીસગઢ (159)
- રાજસ્થાન (164)
- બિહાર (149)

નીચો MMR ધરાવતા રાજ્યો
- કર્ણાટક (92)
- આંધ્રપ્રદેશ (65)
- તમિલનાડુ (60)
- તેલંગાણા (63)
- કેરળ (43)

(આથી, વિધાન (3) સાચું છે.)

⇛ WHOની વ્યાખ્યા મુજબ, ગર્ભાવસ્થા દરમિયાન અથવા ગર્ભાવસ્થા અંત થયાના 42 દિવસોમાં જો મહિલાનું મૃત્યુ થાય તો તેને માતૃત્ત્વ મૃત્યુમાં ગણવામાં આવે છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (2) નિષ્ઠા (NISHTHA) કાર્યક્રમ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) અહીં, NISHTHAનું પૂરુંનામ National Initiative for School Heads and Teacher's Holistic Advancement છે.
(2) આંધ્રપ્રદેશમા આ ઓનલાઈન કાર્યક્રમની ચતુર્થ અને અંતિમ આવૃત્તિ લોંચ કરવામાં આવી છે.
(3) આ કાર્યક્રમ પ્રાથમિક સ્તરે શિક્ષણના પરિણામો (Learning Outcomes)ને સુધારવા માટે લોંચ કરવામાં આવ્યો હતો.
(4) આ કાર્યક્રમમાં શાળાઓના પ્રિન્સિપાલમાં કાર્યક્ષમતાનું નિર્માણ કરવાના પાસાંનો પણ સમાવેશ થાય છે.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (1), (3) અને (4)
(C) માત્ર (3)
(D) આપેલ તમામ

⇛ જવાબ :- B

**સમજૂતી :**

⇛ તાજેતરમાં આંધ્રપ્રદેશમાં પ્રથમ વખત ઓનલાઈન માધ્યમમાં નિષ્ઠા (NISHTHA) કાર્યક્રમ લોંચ કરવામાં આવ્યો છે. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ અહીં NISHTHAનું પૂરુંનામ National Inititative for School Heads and Teacher's Holistic Advancement છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ વર્ષ 2019માં પ્રાથમિક સ્તરે શિક્ષણના પરિણામો સુધારવા માટે આ કાર્યક્રમ લોંચ કરવામાં આવ્યો હતો. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ નિષ્ઠા એ એક ક્ષમતા નિર્માણ કાર્યક્રમ છે.

⇛ કાર્યક્રમનો એક હેતુ એકીકૃત શિક્ષક તાલીમ દ્વારા શિક્ષણની ગુણવત્તા સુધારવાનો છે.

⇛ આ કાર્યક્રમનું લક્ષ્ય શાળાના શિક્ષકો તથા પ્રિન્સિપાલમાં કાર્યક્ષમતાનું સર્જન કરવાનું છે. (આથી, વિધાન (4) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(3) નેશનલ ઈન્વેસ્ટમેન્ટ એન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફંડ (NIIF) લિમિટેડ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?**

(1) આ ફંડમાં માત્ર વિદેશી લોકો જ રોકાણ કરી શકે છે.

(2) આ ફંડ થકી માત્ર ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રે જ રોકાણ કરવામાં આવે છે.

(3) ફંડનો ઉદ્દેશ 1 લાખ કરોડ રૂપિયાનું ફંડ જમા કરવાનો છે.

(4) આ ફંડ એક પ્રકારનું અલ્ટરનેટ ઈન્વેસ્ટમેન્ટ ફંડ છે.

(A) માત્ર (4)
(B) માત્ર (2) અને (3)
(C) માત્ર (1), (2) અને (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- A**

**સમજૂતી :**

⇛ NIIF એક સહભાગી રોકાણ પ્લેટફોર્મ છે. આ પ્લેટફોર્મ થકી આંતરરાષ્ટ્રીય તથા ભારતીય લોકો રોકાણ કરી શકે છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ આ ફંડની સ્થાપના ડિસેમ્બર 2015માં કરવામાં આવી હતી.

⇛ આ ફંડ થકી વિવિધ ક્ષેત્રોમાં રોકાણ થઈ શકે છે.
દા.ત. ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ખાનગી ઈક્વિટી અને અન્ય ક્ષેત્રો (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ ફંડનું લક્ષ્ય 40,000 કરોડ રૂપિયાનું ફંડ જમા કરવાનું છે. (આથી, વિધાન (3) ખોટું છે.)

⇛ આ ફંડમાં 49% ફાળો સરકાર દ્વારા આપવામાં આવશે.

⇛ NIIFની નોંધણી SEBI હેઠળ કેટેગરી 2 અલ્ટરનેટ ઈન્વેસ્ટમેન્ટ ફંડ તરીકે થયેલી છે. (આથી, વિધાન (4) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## (4) બહુપરીમાણીય ગરીબી સૂચકાંક (Multidimensional Poverty Index-mpi) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આ સૂચકાંક યુનાઈટેડ નેશન્સ ડેવલપમેન્ટ પ્રોગ્રામ (UNDP) દ્વારા લોંચ કરવામાં આવ્યો હતો.

(2) આ સૂચકાંકના માપનમાં મુખ્ય 3 પરીમાણનો ઉપયોગ થાય છે.

(3) ભારતમાં 2005-06થી 2016-17 દરમિયાન આશરે 27.1 કરોડ લોકો બહુપરીમાણીય ગરીબીની બહાર આવ્યા છે.

(4) ભારતમાં બહુપરીમાણીય ગરીબી દૂર કરવામાં ગ્રામીણ વિસ્તારોએ વધુ ઝડપ દર્શાવી છે.

(A) માત્ર (2)　　(B) માત્ર (1), (3) અને (4)

(C) માત્ર (2) અને (4)　　(D) આપેલ તમામ

⇛ જવાબ :- D

**સમજૂતી :**

⇛ નીતિ આયોગે પ્રસિદ્ધ કરેલા SDGના વોલ્યુન્ટરી નેશનલ રિવ્યુ (VNR) મુજબ ભારતમાં 2005-06થી 2016-17 દરમિયાન ઓછામાં ઓછા 27.1 કરોડ લોકો બહુપરીમાણીય ગરીબીની બહાર આવ્યા છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ 2016-17 મુજબ ભારતની 27.9% વસતી બહુપરીમાણીય રીતે ગરીબ છે.

⇛ આ પ્રકારની ગરીબી દૂર કરવામાં ગ્રામીણ વિસ્તારોએ શહેરી વિસ્તારો કરતાં વધુ ઝડપ દર્શાવી છે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ વર્ષ 2010માં UNDP તથા OPHI દ્વારા બહુપરીમાણીય ગરીબી સૂચકાંક (MPI) લોંચ કરવામાં આવ્યો હતો. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ OPHIનું પૂરુંનામ Oxford Poverty & Human Development Initiative છે.

⇛ આ સૂચકાંકમાં 3 પરીમાણ (ભણતર, આરોગ્ય અને જીવન ધોરણ)નો સમાવેશ થાય છે. (આથી, વિધાન (2) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE | icerajkot

## (5) ડિલિમીટેશન કમિશન માટે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.

(1) તે એક વૈધાનિક સંસ્થા છે.

(2) દરેક વસતી ગણતરી બાદ સાંસદ દ્વારા એક ડિલિમીટેશન અધિનિયમ બનાવવાનો હોય છે.

(3) બંધારણનો અનુચ્છેદ 170 આ ડિલિમીટેશન સાથે સંબંધ ધરાવે છે.

(4) તેના બંધારણમાં એક નિવૃત્ત મુખ્ય ચૂંટણી અધિકારી તથા 3 વર્તમાન ચૂંટણી કમિશનર હોય છે.

(A) માત્ર (1) અને (2)　　(B) માત્ર (2) અને (3)

(C) માત્ર (3) અને (4)　　(D) માત્ર (1) અને (4)

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં પૂર્વોત્તરના રાજ્યો માટેના ડિલિમીટેશન કમિશન બાબતે વિવાદો ચાલી રહયા છે.

⇛ બંધારણના અનુચ્છેદ 82 મુજબ, સંસદે દરેક વસતી ગણતરી બાદ એક ડિલિમીટેશન અધિનિયમ રચવાનો હોય છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ ડિલિમીટેશન કમિશન એક બંધારણીય સંસ્થા છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ આ કમિશનની નિમણૂક ચૂંટણી કમિશનના સહયોગ સાથે રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવે છે.

⇛ અનુચ્છેદ 170 મુજબ રાજ્યોના મતવિસ્તારના વિભાજન માટે દરેક વસતી ગણતરી બાદ ડિલિમીટેશન અધિનિયમ મુજબ વિભાજન કરવાનું હોય છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ આ કમિશનના બંધારણમાં સુપ્રીમ કોર્ટના નિવૃત્ત જજ, મુખ્ય ચૂંટણી કમિશનર અને જે–તે રાજ્યના ચૂંટણી કમિશનરનો સમાવેશ થાય છે. (આથી, વિધાન (4) ખોટું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ**
**તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે**
**નીચે આપેલા અમારા**
Social Media Icon **પર** Click **કરો.**

**JOIN OUR TELEGRAM**
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT